# સીત્તરમે વર્ષે......અદ્‌ભુત વળાંક !

--ડૉ. શશીકાંત શાહ

આનંદશંકર નીવૃત્ત કલેક્ટર હોવાને કારણે શહેરમાં ખુબ જાણીતા હતા. મીતભાષી પ્રકૃતી, ચહેરા પર સદા રમતું રહેતું સ્મીત અને દુનીયાભરનું જ્ઞાન ધરાવતું દીમાગ એ એમના વ્યક્તીત્વનાં મુખ્ય લક્ષણો. છેલ્લાં સાત વર્ષથી કેન્સરથી પીડાતી સદાસંગીની વહાલસોયી પત્નીનું અવસાન થતાં આનંદશંકર એકલા પડી ગયા. પુત્ર, પુત્રવધુ અને તેમનાં બે સંતાનોની વચ્ચે તેમના જીવનમાં હવે કેવું પરીવર્તન આવે છે તે જાણવા સૌ આતુર હતા. સીત્તેરની વયેય પચાસ-પંચાવનના દેખાતા આનંદશંકર પુનઃ લગ્ન કરશે એવી અફવા આગ પકડે તે પહેલાં જ ઠંડી પડી ગઈ. તેમણે તો નજીકના એક મીત્રને કહ્યું કે, ‘આઠ-દસ વરસ પછી હું તો પૌત્ર-પૌત્રીનાં લગ્નમાં મહાલવા આતુર છું. મારા લગ્નની તો હું કલ્પના જ નથી કરી શકતો.’

‘ભુમીપુત્ર’ના છેલ્લે પાને ‘હરીશ્ચંદ્ર’ બહેનોની વાર્તાઓમાં બને તેવી ઘટના એમના જીવનમાં ઘટી. મેં જ્યારે એમની કહાણી પ્રગટ કરવા અનુમતી માંગી ત્યારે નામ ન પ્રગટ કરવાની વીનંતી સાથે તે સસંકોચ આપી અને કહ્યું, ‘મારો સુખદ અનુભવ ભલે લોકો સુધી પહોંચે.’

પ્રભાવશાળી નોકરીમાંથી નીવૃત્ત થયા પછી આનંદશંકરે શેષજીવન મુંબઈમાં પસાર કરવાનું નક્કી કર્યું. તેઓ નીજી પારીવારીક જીંદગીમાં સાવ સુખી હતા. પુત્ર એક પ્રાઈવેટ કંપનીમાં જનરલ મેનેજર હતો. પુત્રવધુ અંગ્રેજી સાથે એમ.એ. થયેલી સફળ ગૃહીણી હતી. દસ વર્ષનો પૌત્ર સુકેતુ અને છ વર્ષની પૌત્રી સ્વીટીને કારણે હવે આ સમયાવકાશ ઉત્સવમાં પલટાઈ રહ્યો હતો. સાંજે પત્ની જોડે દેવદર્શન. આમ, સવાર, સાંજ અને રાત રળીયામણી બની રહી હતી. પણ એક સરખા દીવસો ક્યાં સદા કોઈના ટકે છે ! પત્ની જીવલેણ કેન્સરની બીમારીમાં સપડાયાં, સાત વર્ષ રીબાયાં ને અવસાન પામ્યાં. આનંદજી બીચારા ભીતરથી સાવ એકલા પડી ગયા.

વૈજ્ઞાનીક વીચારધારાને વરેલા આનંદજીએ સદ્‌ગત પત્નીની ઈચ્છાનુસાર અંતીમવીધી પતાવી. સ્વજનો વીદાય થવા માડ્યા. વીધવાબહેન સુલક્ષણાની વીદાય પછી આનંદજી છેક એકલા પડી ગયા. પત્નીની વીદાય પછીની આ પહેલી જ સાંજ હતી જ્યારે આનંદજીને બેકલતામાંથી એકલતાનો વસમો અહેસાસ થઈ રહ્યો હતો. સાડાત્રણ કલાકની એ સાંજ આખી આનંદજી, જીંદગીની યાદોનાં વાદળો વચ્ચે ઘેરાયેલા રહ્યા અને માનસીક રીતે સાવ ભાંગી પડ્યા. પાછલી ઉંમરે જીવનસંગીનીનો જ્યારે સાથ છુટે-અને તે ક્યારેક તો છુટે જ-તો કેટલી કપરી પરીસ્થીતી ઉદ્‌ભવે તે અંગે આ નીવૃત્ત કલેક્ટરે ઘણું વાંચ્યું-સાભળ્યું હતું. પણ આજે હવે તેમને પોતાના શેષજીવનની કરુણતા અને ભીષણતાનો ખ્યાલ આવ્યો. આજે સાંજે પાંચ વાગ્યે મંદીરે પહોંચવાનો ક્રમ પહેલી વાર તુટ્યો. એમને ખાતરી થઈ કે જીવન હવે નવેસરથી ગોઠવવું પડશે. પત્નીના અવસાન

પછી પ્રૌઢાવસ્થામાં પુનર્લગ્ન કરતા પુરુષમીત્રો પ્રત્યે એમને જીવનમાં પહેલી વાર સહાનુભુતી જન્મી. જો કે, પોતાના સંદર્ભમાં એ વીચાર જ અપ્રસ્તુત હોવાની પ્રતીતી પણ એમને થઈ.

બીજે દીવસે નીયત સમયે સવારે પાંચ કલાકે આનંદશંકરની ઉંઘ ઉડી ગઈ. એમણે આદતવશ પત્નીને ગુડ મોર્નીંગ કર્યાં. પણ પછી તેમને પોતાની ભુલ સમજાઈ. ભારે ગમગીન હૃદયે પરીસ્થીતીનો સ્વીકાર કરી લીધો કે હવેનો જીવનપથ તો સાથસંગાથ વીના એકલા જ કાપવાનો છે. જીવનમાં આજે પહેલી જ વાર જાતે ચા બનાવવી પડશે અને ખાંડ-ચાના ડબ્બાયે જડશે કે કેમ તેના વીચારે બ્રશ કરતાં કરતાં જ આનંદશંકરે ઉદ્વેગ અનુભવ્યો. પુત્રવધુ આસ્થા સવારે સાત પછી ઉઠતી અને પુત્ર તો આઠે ઉઠતો. એક કપ ચા પીને મોર્નીંગ-વૉક માટે નીકળી જવાના ઈરાદા સાથે તેમણે વૉશ-બેઝીન છોડ્યું. ચા બનાવવા કીચન તરફ જઈ રહેલા આનંદશંકરે જોયું કે ડાઈનીંગ ટેબલ પર ચા એમની રાહ જોઈ રહી હતી અને ત્યાં જ રાહ જોઈને બેઠેલી આસ્થા બોલી, 'પપ્પાજી, ચા તૈયાર છે. તમે ચાને ન્યાય આપો એટલે આપણે મોર્નીંગ-વૉક માટે નીકળીએ.' આનંદશંકરનું આશ્ચર્ય હજી શમે ત્યાં તો આસ્થા ટહુકી, 'કેમ, નવાઈ લાગે છે, પપ્પાજી? આજથી મમ્મીની જગ્યાએ હું તમને કંપની આપીશ. છોકરાઓ ઉઠે તે પહેલાં તો આપણે ઘરે આવી જઈશું.' ચા પીતાં પીતાં આનંદશંકરની આંખોમાં અશ્રુબીંદુ છલકાઈ ઉઠ્યાં. આસ્થાએ વળી આનંદજીને ભાવતી, જરા તીખી, મસાલાવાળી ચા બનાવી હતી. પત્નીના હાથે બનતી ચા અને આજની આ આસ્થાના હાથની બનેલી ચામાં કોઈ ફરક નહોતો. આસ્થાએ વૉકીંગ-સ્ટીક , ચંપલ અને રુમાલ પણ તૈયાર રાખ્યાં હતાં. તેમણે મનોમન નોંધ્યું કે પુત્રવધુએ તેમની કાળજી લેવામાં અદ્દલ સાસુજીની જ સ્ટાઈલ પકડી હતી. વહેતું રહ્યું જીવન, આમ.

પત્નીના અવસાન પછીનાં ત્રણ વરસ બાદ આનંદશંકરે પોતાના લંગોટીયા મીત્ર આગળ પોતાની જીવનકીતાબનું એક પ્રકરણ ખુલ્લું મુકતાં કહ્યું, 'જ્યારે પત્નીનું અવસાન થયું ત્યારે હું લગભગ મુઢ બની ગયો હતો. વૃદ્ધાવસ્થામાં જીવનનો ભાર એકલા એકલા વેંઢારવાનું કામ કેટલું મુશ્કેલ છે તે મેં મારા મીત્રોના અનુભવોથી જાણ્યું હતું. પુત્ર અને પુત્રવધુ જાણે આપણને ઓળખતાં ન હોય તેવું વર્તન કરે ત્યારે તો એક એક દીવસ એક એક યુગ જેવો લાગે. પેલા રામલાલને હૉસ્પીટલમાં દાખલ કર્યો, તો તેની દીકરી અને જમાઈ આવીને સાત દીવસ રહ્યાં; પણ પુત્રવધુ તો પોતાની માની માંદગીનું બહાનું કાઢી પીયર જતી રહી અને પુત્ર પણ દીવસમાં એકાદ વાર કોઈ મહેમાનની જેમ દસ પંદર મીનીટ મોઢું બતાવીને નીકળી જતો હતો. ઘણે ઠેકાણે આ પ્રકારનાં દશ્યો જોઈને હું હેબતાઈ ગયો હતો. પત્નીનું અવસાન થયું ત્યારે મને સૌથી મોટો ભય, મને મારી દુર્દશાનો હતો.

'પરંતુ એવું કશું થયું નહીં,' આનંદશંકરે આત્મવૃત્તાંતને આગળ વધારતાં કહ્યું, 'સાસુજીના અવસાન પછી, મારે બદલે, આસ્થાએ જ પોતાની લાઈફસ્ટાઈલ સાવ બદલી નાખી ! સવારે સાતને બદલે પાંચ વાગ્યે ઉઠવા માંડી. મને શું ભાવે છે, શું નથી ભાવતું

ત્યાંથી માંડીને, મારી નાનામાં નાની જરુરીયાતોનું એણે સતત ધ્યાન રાખવા માંડ્યું. વૃદ્ધ માણસની સૌથી મોટી કમનસીબી તો, તેની વાત સાંભળનાર કોઈ જ ન મળે તે હોય છે. આસ્થા રોજ સવાર, બપોર, સાંજ સમય ફાળવી મારી જોડે વાતો કરવા બેસે. મારે શું જોઈએ છે તે હું કહું તે પહેલાં જ તે સમજી જતી અને મને સાચવતી. ઉનાળાની એક બપોરે રંગબેરંગી બરફ-ગોળા વેચવાવાળો એપાર્ટમેન્ટની સામે આવીને ઉભો હતો. હું એના તરફ જોઈને છીણેલા બરફના ગોળા પર છંટાતા રંગીન શરબતોનો સ્વાદ મનોમન માણી રહ્યો હતો ત્યાં તો આસ્થા ઘરમાંથી ચુપચાપ ઘરમાંથી એક પ્લેટ લઈ લારી પાસે પહોંચી ગઈ. રંગોથી આચ્છાદીત બરફનો ગોળો હસતાં હસતાં તેણે મારા હાથમાં પકડાવી દીધો. 'બેટા, આ ઉંમરે હું બરફ ખાઉં અને કોઈ જોશે તો…' હું બોલવાનું પુરું કરું તે પહેલાં જ આસ્થાએ શરુ કર્યું, 'અરે, પપ્પાજી, આ જ તો ઉંમર છે બરફના ગોળા ખાવાની…હું મારે માટે પણ લાવી છું અને તમારી સાથે બેસીને જ ખાવાની છું, તમને એકલું નહીં લાગે ને એટલે !' બાળકો અને વૃદ્ધોની ઈચ્છા એક સરખી હોય છે એ મનોવીજ્ઞાન આસ્થા ક્યાંથી શીખી હશે? આસ્થાના વર્તનમાં ખોટ વરતાઈ હોત તો મેં પણ પુનર્લગ્નનું વીચાર્યું હોત; પરંતુ આસ્થાના પુત્રીવત્ વર્તને મને એ દીશામાં વીચારવાની કદી તક જ ન આપી. આસ્થાના સદ્‌વર્તન માટે એના પતી અને મારા દીકરાએ જ્યારે આભારની લાગણી વ્યક્ત કરી ત્યારે આસ્થાએ નમ્રભાવે એટલું જ કહ્યું, 'મારી મમ્મી સાથે મારાં ભાભી જે રીતે વર્તે એમ હું ઈચ્છું છું તેવું જ વર્તન હું અહીં દાખવું છું, એમાં વળી આભાર શેનો?'

--ડૉ. શશીકાંત શાહ

લેખકના **'પ્રસન્ન પરીવાર : પ્રસન્ન જીવન'** પુસ્તક (પ્રકાશકઃ ડૉ. ધીરુભાઈ દેસાઈ, ૨-હર્ષ એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧ : પૃષ્ઠ-૧૨૩ : કીમત આપી નથી)માંથી સાભાર…

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૭૯ -- ડીસેમ્બર ૧૦, ૨૦૦૬

**'સન્ડે ઈ-મહેફીલ'** માટે **'ઉંઝાજોડણી'** અને **'વીજયા' ફોન્ટ**'માં **: અક્ષરાંકનઃ** uttamgajjar@hotmail.com

--ડૉ. શશીકાંત શાહ



## પરીચય

સુરત જીલ્લાના બહુધાન ગામે ૧૯૪૮માં જન્મેલા ડૉ. શશીકાંત શાહ આમ તો એમના ગુરુ ડૉ. ગુણવંતભાઈ શાહની જેમ વીજ્ઞાન(કેમીસ્ટ્રી)ના વીદ્યાર્થી. એમ.એસસી.

અને એમ.એડ્. સુધી એમની અભ્યાસ-કારકીર્દી ફર્સ્ટ ક્લાસ ડીસ્ટીંક્શનની રહી. ડૉ. ગુણવંત શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી અધ્યાપક બન્યા. આજે તેઓ સુરતની વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીમાં પ્રૉફેસર અને શીક્ષણ વીભાગના વડા તરીકે સેવા આપે છે. કેનેડા, અમેરીકા, યુ.કે., ઓમાન, સીંગાપોર, મલેશીયા વગેરે દેશોમાં ફરી શીક્ષણ અંગે વ્યાખ્યાનો આપ્યાં છે અને ઘણાં સંશોધન પ્રોજેક્ટ્સ પણ કર્યા છે.

શીક્ષણનો બહોળો અનુભવ અને ચીંતનને વરેલા ડૉ. શશીકાંતભાઈ વધારે પરીચીત છે; સુરતના લોકપ્રીય દૈનીક ‘ગુજરાતમીત્ર’માં છેલ્લાં સોળ વરસથી પ્રગટતી એમની સાપ્તાહીક કૉલમ ***‘માણસ નામે ક્ષીતીજ’***ના પ્રકાશનથી. માનવની સારપભરેલી મુળભુત પ્રકૃતી પર એમને ભારોભાર ભરોસો. તેથી યુવાનો માટે વ્યક્તી-વીકાસના અનેક કાર્યક્રમો અને તાલીમ શીબીરો તેઓ આપતા રહે છે. એમની ખરી નીડરતા અને શીક્ષણ-જગતના એક પ્રહરીની એમની મુદ્રા પ્રગટતી રહે છે એમની બીજી સાપ્તાહીક કટાર ***‘શીક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ’***માં. શશીકાંતભાઈ સુરતનું શીક્ષણ-જગતનું મુલ્યવાન રત્ન છે. --ઉત્તમ ગજ્જર અને બળવંત પટેલ

લેખકનો સંપર્ક : **sgshah57@yahoo.co.in**

*આવો મહેન્દ્રભાઈ, સ્વાગત છે તમારું કાર્ટુન સાથે.......*




મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

**web site** : www.ameamericanamdavadi.com

***"Wise man is he, who has long ears, big eyes and a short tongue."***
***-A Russian proverb***